# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

સેકટર-૧૦-બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦

ફોન : (ઓ) (૦૭૯) ૨૩૨૨૦૫૩૮, ૨૩૨૫૩૮૧૭


<u>ખાસ અગત્યનું</u>

ક્રમાંક:મઉમશબ/MSOE/૨૦૨૨/૪૧૭ થી ૪૮૩

ગાંધીનગર. તા. ૧૬/૧૦/૨૦૨૨

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

ગુજરાત રાજ્ય.

વિષય :-દેશનું સૌથી મોટું સર્વગ્રાહી શાળાકીય શિક્ષણ મિશનના કાર્યક્રમના શુભારંભ પ્રસંગનું જીવંત પ્રસારણ.

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યએ શિક્ષણક્ષેત્રે છેલ્લા ૨૦ વર્ષમાં કરેલ પ્રગતિ અને તેના ફળ સ્વરૂપે યોજાઈ રહેલ મિશન સ્કૂલ ઓફ એક્સલેન્સના કાર્યક્રમનો, શુભારંભ માન.વડાપ્રધાનશ્રી, નરેન્દ્રભાઈ મોદી દ્વારા તારીખ ૧૯/૧૦/૨૦૨૨ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે ત્રિમંદિર, અડાલજ તા.જિ.ગાંધીનગર ખાતેથી થઈ રહેલ છે.

રાજ્ય સરકારશ્રીએ શિક્ષણક્ષેત્રે કરેલ સર્વગ્રાહી પ્રગતિથી, શિક્ષણક્ષેત્રે સાથે જોડાયેલ તમામ સંચાલકશ્રી, આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ તેમજ વિદ્યાર્થીઓ આ સમગ્ર કામગીરીથી માહિતગાર થાય તે જરૂરી છે. સમગ્ર દેશમાં સૌપ્રથમવાર રૂ. ૧૦,૦૦૦ કરોડના રોકાણ સાથે મિશન સ્કૂલ ઓફ એક્સલન્સના પ્રોગ્રામને હોલિસ્ટીક એપ્રોચ સાથે અમલમાં મૂકવામા આવી રહેલ છે કે જેનો લાભ રાજ્યની શાળાઓમાં ભણતાં બાળકોને થનાર છે, ત્યારે શિક્ષણક્ષેત્રે ક્રાંતિ લાવનાર આ પ્રોગ્રામની વિગતો તમામના ધ્યાને મૂકવાનો એક મહત્વનો પ્રસંગ યોજાઈ રહેલ છે, રાજ્યની પ્રત્યેક શાળા કે જેમાં સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ અને સ્વનિર્ભર શાળાઓનો સમાવેશ થાય છે. તે તમામ શાળાઓના આચાર્યશ્રી, શિક્ષકશ્રીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા ઉક્ત કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવે તેવી વ્યવસ્થા કરવા તમામ શાળાના આચાર્યશ્રીઓને સૂચના આપવા જણાવવામાં આવે છે.

(એ. જે. શાહ)

અધ્યક્ષ

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર

નકલ રવાના:-

- આચાર્યશ્રી, તમામ શાળાઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.